# Sixth Round of Foreign Office Consultations between India and Mexico
# June 30, 2022

## ભારત અને મેક્સિકો વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો છઠ્ઠો રાઉન્ડ

30 જૂન, 2022

મેક્સિકો સિટીમાં 29 જૂન 2022 નાં રોજ ભારત અને મેક્સિકો વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો છઠ્ઠો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. આ ચર્ચાઓમાં ભારતીય પક્ષની આગેવાની વિદેશ મંત્રાલયનાં સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમારે કરી હતી અને મેક્સિકન પક્ષની આગેવાની મેક્સિકોનાં વિદેશ મંત્રાલયનાં ઉપ વિદેશ મંત્રી મહામહિમ શ્રીમતિ કારમેન મોરેનો ટોસ્કાનો દ્વારા કરવામાં આવી હતી.

2. આ પરામર્શોમાં રાજકીય, વ્યાપાર અને રોકાણ, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, અવકાશ સહિત વિજ્ઞાન અને ટેકનોલોજી, સંસ્કૃતિ અને પ્રવાસન, શિક્ષણ, રાજદ્વારી અને પારસ્પરિક હિતનાં અન્ય ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્ર, પોસિફિક એલાયન્સ અને ભારતની આગામી જી20 અધ્યક્ષતા પર સહકાર સહિત બહુપક્ષીય અને પ્રાંતિય મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

3. ઇસરો અને મેક્સિકન સ્પેસ એજન્સી (AEM) વચ્ચે પાકની દેખરેખ, દુષ્કાળની આકારણી અને ક્ષમતા નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતા બાહ્ય અવકાશમાં સહકાર પર વિશેષ સહકાર સમજૂતિ પર પણ આ મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

4. દ્વિપક્ષીય સંબંધોમાં ગતિ જાળવી રાખવા માટે બન્ને પક્ષો ઉચ્ચ સ્તારનાં રાજકીય આદાનપ્રદાનો અને સંયુક્ત સંસ્થાગત યંત્રણાઓની નિયમિત બેઠકો જેવી કે રાજદ્વારી સંવાદ, વ્યાપાર, રોકાણ અને આર્થિક સહકાર પર દ્વિપક્ષીય ઉચ્ચ-સ્તરીય જૂથ (BHLG) અને સંયુક્ત કમિશનની બેઠક ચાલું રાખવા સંમત થયા હતા.

5. આ વાર્તાઓ મૈત્રીપૂર્ણ અને હૂંફાળા વાતાવરણમાં યોજવામાં આવી હતી. બન્ને પક્ષો નવી દિલ્હીમાં પારસ્પરિક સાનુકૂળ તારીખ પર પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**29 જૂન, 2022**
**મેક્સિકો સિટી**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.